



## માલીવાડના બ્રહ્માણીનગરના પીવાના ગંદા પાણી અને ગંદકીથી ફેલાયો રોગચાળો, રહીશોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠાના મુખ્યમથક એવા હિંમતનગરમાં પણ હવે દુષિત પાણી ના મુદ્દે સ્થાનિક પ્રજાજનો એ સોમવારે જીલ્લા કલેકટર પી.સ્વરૂપને આવેદન આપી આગામી સમય માં ઉગ્ર અંદોલન ની ચીમકી અપાઈ છે.હિંમતનગર ના માલીવાડ ગ્રામ પંચાયતના બ્રહ્માણીનગરમાં છેલ્લા કેટલાય સમયથી વરસાદી પાણી ભરાયા છે જેને લઈને ત્યાના રહીશો આજે વિવિધ માંગણી જેમાં વિસ્તારમાં ભરાતા પાણી નો નિકાલ અને પીવાનું ચોખ્ખું પાણી અને ગંદકીને કારણે રોગચાળો થવાને કારણે પરેશાન થયા છે જેને લઈને મહિલાઓ સહીત રહીશો આજે અકળાયા હતા અને ગંદા પાણીની બોટલ સાથે ધારદાર રજૂઆત કરી હતી.આમ તંત્ર અને સરકાર સ્વચ્છતા ની વાત કરે છે ત્યારે આ વિસ્તારના રહીશો અને પંચાયતના સદસ્યોએ પણ વારંવાર અધિકારીઓને રજૂઆત કરી છે પણ પરિસ્થિતિ જેમની તેમ જ રહે છે.ગંદકીને કારણે રોગચાળાની ભીતિ દર્શાવીને આરોગ્ય વિભાગમાં દવા છાંટવા માટે કહેલ પરંતુ તંત્રને રસ ના હોય એમ રજૂઆત સાંભળી લે છે તો રહીશો દવા ક્યારે છટાય તેની રાહ જોઈ રહ્યા હોય છે.

### ધાનેરાની કે આર આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં

# વિદ્યાર્થીઓને ટેબ્લેટ ન મળતા વિદ્યાર્થીઓમાં ભારે નારાજગી

### વિશાલ રેલી યોજી ધાનેરા મામલતદારને આવેદનપત્ર આપ્યું

ધાનેરાની કે આર આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ટેબ્લેટ વિતરણને લઈ વિદ્યાર્થીઓ ભારે માં અભયાસ કરતા વિદ્યાર્થીઓ ને ટેબ્લેટ આપવામાં આવી રહ્યા છે ત્યારે બે દિવસ અગાઉ ધાનેરા ની કે વિદ્યાર્થીઓ ને ટેબ્લેટ ન મળતા ભારે નારાજગી જોવા મળી હતી ત્યારે આજે કોલેજ મોટાભાગ ના



નારાજગી જોવા મળી હતી અને વિદ્યાર્થીઓ ધ્વરા વિશાલ રેલી યોજી ધાનેરા મામલતદાર ને આવેદન પત્ર પણ આપ્યું છે.

ગુજરાત સરકાર ધ્વરા કોલેજ આર આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માં ટેબ્લેટ વિતરણ કરવામાં આવ્યું હતું જેમાં એફ વાય ની વિદ્યાર્થીઓ ને ટેબ્લેટ આપવામાં આવ્યા હતા અને બાકીના વિદ્યાર્થીઓ ધાનેરા તાલુકા પંચાયત આગળ ભેગા થયા હતા અને તે બાદ વિશાલ રેલી યોજી ધનમેર મામલતદાર ને આવેદન પત્ર આપી ટેબ્લેટ ની માંગણી કરી હતી.



## પાલનપુરની વિદ્યામંદિર શ્રી જૈન શિશુ શાળામાં ધાર્મિક તહેવારોની ઉત્સાહભેર ઉજવણી

પાલનપુરની પ્રતિષ્ઠીત વિદ્યામંદિરની શ્રી જૈન શિશુશાળામાં ધો. ૧ અને ધો. ૨ ના ભુલકાઓએ ધાર્મિક તહેવારોની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. શાળાના આચાર્ય સુ.શ્રી દિવાળીબેન પટેલ, શૈક્ષણિક સ્ટાફ, શિવમ વાલી પરિવાર દ્વારા રક્ષાબંધન, જન્માષ્ટમી જેવા ધાર્મિક તહેવારો ઉત્સાહભેર ઉજવી બાળકોએ અવનવી વેશભુષા કૃષ્ણ, રાધા, સૈનિક, સુદામા જેવી જુદી જુદી વેશભુષાઓમાં મસ્ત બની મટકી ફોડ, રાસગરબા અને કૃષ્ણ જન્મોત્સવ જેવા પ્રસંગો ઉજવી ખુશીથી ઝુમી ઉઠ્યા હતા.

# હિમતનગરની મેડીકલ કોલેજના વર્ગ-૩ના કર્મચારીઓ એક દિવસની માસ સીએલ પર ઉતર્યા

### કામના પ્રમાણમાં અડધો પગારને લઈને જીલ્લા કલેકટરને કરી રજૂઆત

એક તરફ ચૂંટણીનો માહોલ ગરમાઈ રહ્યો છે તો બીજી તરફ હવે સરકાર સામે નોકરીયાત વર્ગ પણ હવે લડી લેવાના મૂળ માં છે જો કે સૌથી મોટી વાત તો એ છે કે પહેલી વાર ખુલી ને ભ્રષ્ટાચાર સામે કોઈ એ અવાજ ઉઠાવ્યો છે.એ હિમતનગરની મેડીકલ કોલેજમાં

સમગ્ર ગુજરાત માં મોટાભાગની જગ્યા ઓ પર આઉટ સોસઈંગ થી નોકરી અપાય છે જો કે હવે છેલ્લા કેટલાય સમય થી ભ્રસ્ટાચાર ની વાતો સામે સાબરકાંઠા મેડિકલ કોલેજ ના ત્રીજા વર્ગ ના કર્મચારીઓએ વિરોધ દર્શાવ્યો છે। સાબરકાંઠા ની હિંમતનગર મેડિકલ

જેમાં સાબરકાંઠા કલેકટર સહીત આરોગ્ય પ્રધાન ને પણ રજૂઆત કરાઈ છે જો કે છેલ્લા ત્રણ વર્ષ થી પૂર્ણ પગાર ના મુદ્દે લડત લડતા કર્મચારીઓ ને હવે આખરી જંગ તરીકે આરપારની લડાઈ શરુ કરી છે.કર્મચારી સંજય પટેલ અને બીનલ પ્રજાપતિએ જણાવેલ કે



કામ કરતા વર્ગ ૩ ના કર્મચારીઓએ પુરા કામને બદલે અડધો પગાર આપતી કંપની સામે કાર્યવાહી કરવાની વાત સાથે સાબરકાંઠા જીલ્લા કલેકટર પી.સ્વરૂપને સોમવારે રજૂઆત કરી હતી.

કોલેજ ના ત્રીજા વર્ગ ના તમામ કર્મચારીઓ ને અડધા થી પણ ઓછો પગાર અપાય છે જેના પગલે હવે સ્થાનિક કર્મચારીઓ દ્વારા વિરોધ નો સુર પેદા થયો છે। આ મુદ્દે સ્થાનિક કક્ષાએ હજ્જારો રજૂઆત કરાઈ છે

અમને લેખિતમાં ઓર્ડર નથી આપવામાં આવ્યો અને પગાર અમને વધુ મળે છે પરંતુ રાજ એન્ટરપ્રાઈઝ અમને માત્ર ૫૦ ટકા ઓછો પગાર આપે છે જેથી અમે

● અનુસંધાન પાના - ૭ પર

# પ્રાંતિજમાં નવ કરોડના ખર્ચે બનાવેલ રોડનું હજુ તો કામ પણ પૂર્ણ થયું નથીને...

### રોડની ઉપરનો મેકઅપ ઉતરવાની સાથે રોડમાં ઠેરઠેર મોટા મસ ગુમરા નિકળ્યાં : નવ કરોડનો રોડ નવ મહિના પણ ના ચાલ્યો : વિકાસ પંથનો ખરા અર્થમાં વિકાસ જ ના થયો

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નવ કરોડનો રોડ બનાવવામાં આવેલ. રોડનુ કામ હજુ તો પૂર્ણ પણ નથી થયુંને રોડ ઉપરથી મેકઅપ ઉતરી જવાની સાથે રોડમાં ઠેર-ઠેર મોટાં-મોટાં ગુમરાં નિકળી આવ્યાં.

પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વેસ્ટેશન સુધીનો પ્રાંતિજના હાર્દ સમા વિકાસ પંથ ખરા અર્થમાં વિકાસ જ ના થયો. ઉમીયા કન્શસન દ્વારા નવ કરોડના ખર્ચે બનેલ નવીન માર્ગ હજુ તો કામે પુર્ણ થયું નથી ને નવ કરોડ માં બની રહેલ રોડ નવ મહિના પણ ના ચાલ્યો ના અને રોડ ઉપરથી મેકઅપ ઉતરી જવાની સાથે ઠેરઠેર મોટામોટા રોડ ઉપર ગુમરાં નિકળી આવતા હાલ તો પ્રાંતિજવાસીઓને રોડના કામને ચાલુ થવાને લઈને ઉત્સાહ જોવાં મલ્યો હતો તેટલો જ રોષ રોડનું કામ પૂર્ણ થવાને આરે છે ત્યારે જોવા મલી રહ્યો છે ત્યારે વિકાસ પંથના કામને લઈને અવનવી ચર્ચાઓએ વેગ પકડયો છે ત્યારે હજુ રોડનું સંપુર્ણપણે કામ પુર્ણ થયું પણ નથીને રોડ ઉપર મોટા મોટા ખાડાની સાથે ઠેરઠેર ગુમરાં નિકળી આવતાં નગરજનોમાં રોષ જોવા મળી રહ્યો છે અને જેની જવાબદારી છે તે તંત્ર પણ હપ્તાની માયા જાળમાં ગોર નિદ્રા માણી રહ્યું છે ત્યારે બીજીબાજુ હજુ વિકાસ રોડની બાજુમાં ફુટપાથનું કામ પણ મંથરગતીએ ચાલી રહ્યું છે જેથી રોડને



અડીને આવેલ શોંપીગોમાં આવેલ દુકાન માલિકોમાં પણ રોષ જોવા મલી રહ્યો છે અને દોડ વર્ષથી ચાલતુ કામ બીજી દિવાળી આવવાથી પણ કામ પૂર્ણ ના થતા હાલ તો દુકાનો આગળ પણ કેટલીય જગ્યાએ ખાડા ખડીયા પડી ગયાં છે તે પુરવામાં કે શોંપીગ તરફ આવવાના રસ્તાઓના બનાવવામાં આવતા ના આવતાં હોવાથી વેપારીઓમાં પણ રોષ જોવાં મલી રહ્યો છે ત્યારે નગરજનોમાં વિકાસપંથ રોડને લઈ નગરજનો ઉત્સાહ જોવા મલ્યો હતો પણ તદ્દન હલકી ગુણવંતાવાળુ કામ અને મંથરગતિએ કામ ચાલતા હાલ તો નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ રોડ ઉપર ભાદરવા પાણી ફરી વળ્યું છે ત્યારે નવીન રોડમાંજ કામ પણ પૂર્ણ થયેલ ના હોયને ઠેરઠેર મોટામસ ખાડા પડી જતાં હાલ તો રોડ ઉપરથી પસાર થતા વાહનનોની સાથે વાહનચાલકો ખાડામાં પટકાતા વાહનો ખર્ચ સહિત વાહનચાલકોના હાડકાં કમર ભાંગી જાય છે. ત્યારે હાલ તો નગરજનો વિકાસપંથના કામને લઈને રોષે ભરાયાં છે અને ખરેખર તપાસ થાય તેવી માંગ ઉઠવા પામી છે.

# અરવલ્લી જિલ્લામાં વધુ બે સ્વાઈન ફલુના કેસ

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર જિલ્લામાં વધુ ૨ સ્વાઈનફલુના દર્દીઓ મળી આવ્યા હતા. જેમાં ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામના યુવાન દર્દીને હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયો હતો જયારે રાણાસૈયદના ૧ બાળ દર્દીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર આપવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના રાણાસૈયદ વિસ્તારમાં રહેતા બાળકને અને ભિલોડા તાલુકાના યુવાનને શંકાસ્પદ સ્વાઈન ફલુના લક્ષણો જણાતા જુદી જુદી ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ બંને સ્વાઈન ફલુ પોઝેટીવ દર્દીઓની હાલતમાં સુધારો ના થતા મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં રહેતા બાળકને સ્વાઈન ફલુ ના લક્ષણો જણાતા બાળકોના તબીબે અમદાવાદ રીફર કરતા અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સ્વાઈન ફલુનો એચ૧એન૧ રિપોર્ટ કરાવતા બાળક સ્વાઈન ફલુમાં સપડાયો હોવાનું ધ્યાને આવતા તબીબે સઘન સારવાર હાથ ધરતા હાલ સ્થિતિ કાબુમાં હોવાનું પરિવારજનોએ જણાવ્યું હતું. ભિલોડા તાલુકાના મોટા કંથારીયા ગામના ૧૮ વર્ષીય વ્યક્તિને શંકાસ્પદ સ્વાઈનફલુ ના લક્ષણો જણાતા અને તબિયત લથડતા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો જ્યાં યુવાનનો સ્વાઈનફલુનો રિપોર્ટ પોઝેટીવ આવતા ગામ લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા બંને સ્વાઈન ફલુ પોઝેટિવ દર્દીઓના રહેઠાણ વિસ્તારમાં અને પરિવારજનોમાં સર્વે હાથ ધરી સર્વેલન્સ હેઠળ ધ્યાન રાખી રહ્યું છે.

# હિમતનગરમાં કિસાનોએ જીએસટી દુર કરવા આવેદનપત્ર

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં કીસાન સંઘ દ્વારા દેખાવો કરવામા આવ્યા હતા અને ખેત ઓજારો અને રાસાયણીક ખાતરોમાં જીએસટી લાગુ કરાયો હોય તેને દુર કરવા માટે થઈને રેલી યોજી કલેકટર પી.સ્વરૂપ સોમવારે આવેદન પત્ર આપ્યું હતું. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના મુખ્ય મથકો ખાતે કિસાનસંઘ દ્વારા ખેતીના ઓજારો અને રાસાયણીક દવા ખાતર પર લગાવેલા જીએસટી ને લઈને વિરોધ કરી ને જીએસટી ખેતી ના ક્ષેત્રમાં ઉપયોગી ચિજોમાંથી દુર કરવા અને હળવા કરવા માટે થઈને માંગ કરાઈ હતી. જીએસટી ટ્રેકટર જેવા સાધનો અને ડ્રીપ ઈરીગેશન સીસ્ટમ પર પણ વધુ પ્રમાણમાં હોવાને લઈને ખેડુતોએ તેને દુર કરવા અને હળવો કરવાની માંગ કરી હતી, આવેદનપત્ર બંને જીલ્લાના કલેકટરોને આપ્યા હતાં. રેલીમાં મોટી સંખ્યામાં ખેડુતો જોડાયા હતા. કિસાન સંઘના ઉપાધ્યક્ષ શામળભાઈ પટેલે જણાવ્યું કે ખેત ઓજારો, રાસાયણીક દવા ખાતર પર લાગેલા જીએસટીને લઈને તેને દુર કરવા માટે થઈને રેલી યોજીને આવેદનપત્ર આપ્યુ છે.

# માલપુરના ટીસ્કી ગામે નર્મદા રથનો વિરોધ થતા પોલીસે મામલો થાળે પાડ્યો

### ભાજપના નેતાઓ માટે પ્રવેશબંધીની જાહેરાત

અરવલ્લી, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના માલપુરના તાલુકાના ટીસ્કી ગામે પીવાના પાણીની સમસ્યાથી તંગ આવેલા ગામલોકોએ નર્મદા રથનો વિરોધ કરતા પોલીસે લેવાની ચીમકી ઉચ્ચારી હતી.

માલપુર તાલુકાના ટીસ્કી ગામમાંથી નીકળતા નર્મદારથના સત્તાવાળાઓને પીવાના પાણીની સમસ્યાની રજુઆત કરવા જતા સત્તાવાળાઓ દ્વારા પોલીસની દરમિયાનગીરી કરી છતાં પણ ગામલોકોએ ઉગ્ર વિરોધ દર્શાવી આવનારી ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના નેતાને ગામમાં વોટની માંગણી ના કરવા આવવાની ચીમકી ઉચ્ચારી અને જો કોઈ પણ



દરમિયાનગીરી કરી મામલો થાળે પાડ્યો હતો. પરંતુ ગામ લોકોએ ઉગ્ર વિરોધ નોંધાવી ૨૦૧૭ વિધાનસભાની ચૂંટણીમાં જોઈ દરમિયાનગીરી કરાવી હતી. જેમાં ગામના મોટી સંખ્યામાં લોકો પાણીના પ્રશ્નો રજૂ કરવા હાજર રહ્યા હતા. ત્યારબાદ પોલીસે ભાજપનો નેતા ગામમાં પ્રવેશ કરશે અને અનિચ્છનીય બનાવ બનશે તો જવાબદારી પ્રવેશ કરનાર નેતાની રહેશે.

# અંબાજી અગ્રવાલ સમાજનાં પદાધિકારીઓની નિમણુંક કરાઈ

યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૨૧ સપ્ટેમ્બરે મહારાજા શ્રીઅગ્રસેનજી ની ૫૧૪૧ મી જન્મજયંતિ ની ઉજવણી કરવાં હેતુ સર



અગ્રવાલ સમાજ અંબાજી ની એક વાર્ષીક સામાન્ય સભા યોજવામાં આવી હતી. આ સભા માં અગ્રસેન જયંતિ નાં દિવસે વિવિધ કાર્યક્રમો સહીત સમાજ નાં તેજસ્વી વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહીત ઈનામો આપવાં નું પણ આયોજન કરવામાં આવ્યુ છે. જ્યારે અંબાજી અગ્રવાલ સમાજ નાં નવા પદાધીકારીઓ ની પણ આ પ્રસંગે સર્વાનુંમતે નિમણુંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે સુરેશભાઈ આર અગ્રવાલ, મંત્રી તરીકે:- મહેન્દ્રભાઈ એલ અગ્રવાલ, ઉપપ્રમુખ:- નરેશભાઈ એમ અગ્રવાલ, સહમંત્રી તરીકે:- હર્ષદ આર અગ્રવાલ, તેમજ નાણામંત્રી તરીકે દેવેન્દ્ર કે અગ્રવાલ ની વરણી કરવામાં આવી છે. તેમજ ૧૧ કારોબારી ની પણ નિમણુક સર્વાનું મતે કરવામાં આવી હતી. આ બેઠક દરમીયાન સમાજ નાં તમામ અગ્રણીઓ ને સમાજ માં રહેતાં તમામ નાનામોટા અગ્રબંધુઓ નાં સુખ દુખ નાં પ્રસંગે પુરેપુરી હાજરી આપવાં પણ અનુરોધ કરાયો હતો.

અંબાજીમાં ૨૧ સપ્ટેમ્બરે મહારાજા શ્રી અગ્રસેનજીની જન્મજયંતિની ઉજવણી કરાશે.



## શાળામાં બાળકોને અમૃતપ્રેય ઉકાળો પીવડાવાયો

વિદ્યામંદિર ટ્રસ્ટ શ્રી જૈન શિશુશાળા અને શ્રી સી.કે. મહેતા પ્રે. શાળામાં અભ્યાસ કરતા ધો. ૧ અને ૨ના બાળકોને સ્વાઈન ફલુ સામે રક્ષણ મેળવવા માટે ગત તા. ૨૮-૦૮-૧૭થી તા. ૦૧-૦૯-૨૦૧૭ સુધી સતત પાંચ દિવસ સવારે આર્યુવૈદીક ઉકાળો પીવડાવવાનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય દિવાળીબેન પટેલ, શિક્ષક શ્રી નટુભાઈ મકવાણા અને તમામ શિક્ષક ગણ, શિવમ પ્રમુખ સ્નેહલ જોષી, આરોગ્ય સમિતી કન્વીનર લાલેશ જોષી, શિક્ષણ સમિતિ કન્વીનર તારાભાઈ ચૌધરી, વાલીશ્રી હરેશભાઈ જોષી તેમજ શિવમના અન્ય સભ્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.